# Women in the Partition

**Kamalaben Patel**

*Editor's Note: This article is in Gujarati. It has been scanned from* વીસમી સદીનું ગુજરાતી નારીલેખન (*"Vees-mi Sadee-nun Gujarati Nari-lekhan", 20th Century women's writing in Gujarati). Nikhil Desai has provided this brief description of the article.*

This untitled essay by Kamalaben Patel (1912- ) is excerpted from her writings in 1977 and 1985 under મૂળ સોતાં ઉખડેલા ("Mool sotan ukhadela", pulled from the roots). The story is about one of the most painful aspects – recovery and repatriation of women left behind – of the Partition of India and Pakistan. She was with the Indian government on the Punjab border at the time, guiding the women social workers who were recruited to work with the police in repatriation of women, and occasionally went back and forth, working with the Pakistani authorities as well.

Sisters, daughters, wives, and mothers were lost, kidnapped, or simply fell behind when families ran from one side to the other. The author mentions an incident where a village well was filled with bodies of dead women who had jumped in to avoid assault and rape. She also mentions how in the midst of then ongoing war in Kashmir, tensions were high on both sides and made the repatriation work more difficult.

Some related articles selected by Nikhil Desai:

Gireesh J., "Gendered Violence, Nationalism and the Hegemonic Projects of Modern Nation States: A Reading of Kamalaben Patel's Partition Memoir Torn from the Roots". Samyukta, July 2009.

Aparna Basu (1996) Rebel with a cause: Mridula Sarabhai. Oxford University Press. Excerpt at http://www.rediff.com/freedom/1111mig3.htm.

"Narratives of Pain: Fiction and autobiographies as 'psychotestimonies' to the Partition", Chapter 3 in Sukeshi Kamra (2002) *Bearing witness: partition, independence, end of the Raj*. University of Calgary Press.

Menon, Ritu and Kamla Bhasin. "Recovery, Rupture, Resistance: Indian State and Abduction of Women during Partition." *Economic and Political Weekly* 24 April, 1993: WS2-WS12.

19

# કમળાબહેન પટેલ

1912-

સ્ત્રીઓની પુનઃપ્રાપ્તિનું કામ શરૂ થયાના ખબર પંજાબમાં ફેલાઈ ગયા. તે સમયે સરહદ પાર કરવા મંજૂરી કે પાસપોર્ટ મેળવવાની પ્રથા શરૂ થઈ ન હતી. આથી પોતાની ખોવાયેલી બહેનો, દીકરીઓ, પત્નીઓ અને કેટલાક કિસ્સાઓમાં માતાઓની તપાસ કરવા માટે લોકો આવવા લાગ્યા અને અમારી છાવણીમાં અવરજવર ચાલુ થઈ ગઈ. આવનાર પ્રત્યેક વ્યક્તિ તેની પોતાની કથની સંભળાવવા ઇચ્છે. તરેહ તરેહની ક્રૂરતા અને અમાનુષી કૃત્યોની વાતો સાંભળી સાંભળીને અમે કંટાળવા લાગ્યાં. અમે ચા પીતાં હોઈએ, ભોજન લેવું શરૂ કરતાં હોઈએ ત્યારે પણ પાંચ-દસ વ્યક્તિઓ ઘૂસી આવે. 'જરા થોભો' કહેવા જઈએ તો તે તરત જ ઉશ્કેરાઈ જાય. ઘણા તો ગુસ્સામાં આવી અમને સંભળાવી દે.

> 'અમારા ભોગે તમને સ્વતંત્રતા મળી અને હવે અમારાં દુઃખ સાંભળવાની પણ તમને ફુરસદ કે દરકાર નથી? અમે ઘરબાર અને જમીનજાગીર વિનાનાં થઈ ગયાં. વતન છોડ્યું, અમારી બહેનદીકરીઓ છીનવાઈ ગઈ. હવે જીવનું જોખમ વહોરીને અમારી સ્ત્રીઓની તપાસ કરવા પાકિસ્તાનમાં આવ્યા ત્યારે તમને અમારી વાત સાંભળવાની ફુરસદ પણ નથી.'

આવનાર પૈકી મોટેથી રડી પણ પડતા. છ-સાત ફૂટ ઊંચા, લાંબી દાઢી અને હાથમાં તલવારધારી પડછંદ પંજાબી પુરુષોને આમ રડતા જોઈ મને મનમાં કંઈ ને કંઈ થઈ જતું. આવી હાલતમાં ચાનો ઘૂંટડો કે અન્નનો કોળિયો ગળે ન ઊતરે, અને પીરસેલી થાળી પરથી ઊઠી જવાના અનેક પ્રસંગો બનતા. પરંતુ આ હકીકત નિત્યની થવા લાગી. આખો સમય દુઃખ-દર્દની વાતો સાંભળીને અમારી લાગણીઓ પણ કુંઠિત બનતી ચાલી. આવા પ્રકારની સ્થિતિ ફક્ત અમારી જ હતી એમ ન હતું. જેમની પર આ વીત્યું હતું તે પણ પરિસ્થિતિથી ટેવાયા હતા. અમારી પાસે મોટે મોટેથી રડતા પુરુષો થોડી વારમાં શાંત થઈ બહાર કંપાઉન્ડમાં જઈ ચા-નાસ્તો કરતા જોવામાં આવતા.

સ્ત્રીઓની પુનઃપ્રાપ્તિની જવાબદારી જે-તે દેશના અધિકારીઓની હતી. મુખ્યત્વે તો આ કામ જે-તે દેશની પોલીસનું રહેતું. આ કામમાં બંને દેશોની પોલીસ સાથે રહી સામેસામેના દેશની અપહૃતાઓની પુનઃપ્રાપ્તિનાં કામમાં પરસ્પરને સહાય કરતી. તે જમાનામાં સામાન્ય પુરુષો કે પોલીસ ઉપર સ્ત્રીઓની સલામતી માટે ભરોસો રાખી





www.indiaofthepast.com

શકાય તેમ ન હતું. એટલે બંને દેશોની પોલીસની સાથે સ્ત્રી કાર્યકરોને રાખવામાં આવતી, જેથી પુન:પ્રાપ્ત થયેલી સ્ત્રીઓની સલામતી માટે ખાતરી મળી રહે અને પોલીસની સાથે સ્ત્રી કાર્યકરને જોઈને પુન:પ્રાપ્ત થયેલી સ્ત્રીને પણ વિશ્વાસ બેસે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે થયેલા કરાર મુજબ પંજાબના બંને હિસ્સામાં જિલ્લાવાર કામચલાઉ છાવણીઓ રાખવાની હતી. આ છાવણીઓમાં પુન:પ્રાપ્ત થયેલી સ્ત્રીઓને રાખવામાં આવતી. તેમની સાથે બે સ્ત્રી-કાર્યકરો અને થોડી ભારતીય પોલીસ રહેતી હતી. ભારત સરકાર તરફથી નિયુક્ત થયેલા પોલીસ સુપરિન્ટેન્ડેન્ટ જિલ્લા માટેના પોલીસની નિયુક્તિ વિશે જરૂરી કાર્યવાહી કરતા, જ્યારે સ્ત્રી કાર્યકરો અંગેની ફરજ મારે બજાવવી પડતી. સ્ત્રી કાર્યકરોને જિલ્લાઓમાં મોકલતાં અગાઉ છાવણી માટેના યોગ્ય સ્થળ, રેશન વગેરે આવશ્યક વસ્તુઓની વ્યવસ્થા અને સલામતીનો બંદોબસ્ત પાક-સરકારની લાહોરની મુખ્ય કચેરી અને ત્યાર બાદ જે-તે જિલ્લાના કલેક્ટરનો સંપર્ક સાધી કરવામાં આવતો. આ બંદોબસ્ત કરાવતાં દિવસો નીકળી જતા અને જે-તે અધિકારીઓને મળવા માટે આંટાફેરા ખાવા પડતા.

સ્ત્રી કાર્યકરોની નિયુક્તિનો સવાલ વધારે મુશ્કેલ હતો. ભારતમાંથી નિયુક્તિ થઈને આવતી બહેનો કર્તવ્યની ભાવનાથી પ્રેરાઈને આવતી. છતાં તેમાંની ઘણીને સામાજિક કાર્યનો અનુભવ નહિવત્. દા.ત., દિલ્હીની 'સ્કૂલ ઑફ સોશિયલ વર્ક'માંથી તે જ વર્ષે પાસ થયેલી માંડ 22-23ની ઉંમરની બહેનો ભરતી થઈને આવી હતી. બહેનો પાસે સોશિયલ વર્કની ડિગ્રી હોવા છતાં અનુભવમાં મોટું મીંડું. પ્રૌઢ કાર્યકર્તા બહેનો સાથે એમનો મેળ બેસાડવો મુશ્કેલ પડતો, છતાં એક પ્રૌઢ બહેન સાથે એક યુવાનવયની કાર્યકર્તા બહેન રાખવાની મેં સામાન્ય નીતિ રાખેલી. અલબત્ત, કોઈ સમયે આમાં અપવાદ કરવો પડતો હતો. નિર્વાસિત બહેનો માટે કપડાં, કાંબળા, રજાઈઓ વગેરે વસ્તુઓના હિસાબનું રજિસ્ટર સરકારી ધોરણે રાખવું પડતું અને રેશનનો હિસાબ પાકિસ્તાન સરકારને આપવાનો. એટલે એ રજિસ્ટર અતિ કાળજી માગી લેતું. કાર્યકર્તા બહેનોની આવડત, શક્તિ અને પ્રમાણિકતા માપવાનો મારી પાસે કોઈ માપદંડ ન હતો. વાસ્તવમાં મને પણ આ બાબતોની માહિતી ન હતી.

રોજરોજ નવા સવાલો ઊઠતા. પ્રત્યેક સવાલ આગવો હોઈ વિશિષ્ટ ઉકેલ માગી લેતો. આવા ઉકેલો હૈયાસૂઝ પ્રમાણે કરવા પડતા. આવા પ્રશ્નોના ઉકેલના અનુભવ તો ન જ હોય પણ આવા પ્રશ્નો ઊઠી શકે તેવી કલ્પના સુધ્ધાં કરી ન હતી. આવી પરિસ્થિતિમાં એકબે વખત મૃદુલાબહેન પાસે માર્ગદર્શન મેળવવાનો પ્રયત્ન કરી જોયો પણ તેમણે તો સાફ શબ્દોમાં કહ્યું, 'મારી સામે ભૂતકાળમાં આવા પ્રશ્નો ક્યાં આવ્યા છે કે તને દોરવણી આપી શકાય? તારી બુદ્ધિ ઉપર ભરોસો રાખીને આ પ્રશ્નોના નિર્ણય લેવાની તને સંપૂર્ણ છૂટ છે.' દરેક સવાલને માટે મારે નવી કેડી પાડવાની હતી. ભારત–પાકિસ્તાન વચ્ચે થયેલા કરારોને અનુલક્ષીને જે ધારાધોરણ ઘડાયાં હતાં તેની પરિઘમાં રહીને આ કેડીઓ પાડવા, શોધવા ફાંફાં મારવા પડતાં. શોધેલી કેડીઓ કોઈ

રાજમાર્ગમાં વિલીન થશે કે નદી-નાળાં કે ઊંડા કૂવામાં અટવાઈ જશે એનો અણસાર મળતો ન હતો. સમજ મુજબ બતાવેલી કેડી પર ચાલતાં, સર્વસ્વ ખોઈ બેઠેલી પેલી સ્ત્રીઓ અને પ્રચંડ વાવાઝોડામાં મૂળમાંથી ઊખડી પડેલાં તોતિંગ વૃક્ષો જેવા હજારો માનવીઓ અથડાતાં-કુટાંતા ક્યાં પહોંચશે એનો અડસટ્ટો કરવો શક્ય ન હતો. આ કમનસીબ માનવીઓના અચોક્કસ ભાવિનો વિચારમાત્ર મને બેચેન બનાવી મૂકતો. છતાં નિર્વાસિતો અને પુનઃપ્રાપ્ત કરાયેલી સ્ત્રીઓની આંખમાં દેખાતી કૃતજ્ઞતા એક માનવીય કામ કરવાનો સંતોષ અને આંતરિક બળ આપતાં.

સંખ્યાબંધ સવાલો એકબીજાને હડસેલતાં, મન પર સવાર થઈ જવા આગળ આવવા મથી રહ્યા હોય ત્યારે મનને ભવિષ્યનો વિચાર કરવાની ફુરસદ મળતી નહિ. મનની પરિપાટી પેનના આડાઅવળા લિસોટા પડ્યા હોય એવી ખરબચડી થઈ ગઈ હતી, અને એની ઉપર ચોખ્ખા અક્ષરો ભાગ્યે જ ઊઠતા, એ મારે માટે આશીર્વાદરૂપ હતું. નહિ તો માણસ જેવા માણસને ઢોરની જેમ એક ડંગોરાથી હાંકવાની મારી સૂઝબૂજ અનુસાર તેમના ભાવિનો નિરધાર કરવાની હિંમત હું ક્યાંથી લાવત?

નિર્વાસિતો અને અપહૃતા સ્ત્રીઓને લગતાં ધારાધોરણો ભારત–પાક–સરકારના અધિકારીઓએ સંયુક્ત રીતે ઘડ્યાં હતાં. એટલે વ્યક્તિગત માવજત માગી લેતા કિસ્સાઓને તેની ગુણવત્તા અનુસાર છૂટછાટ આપવાનો આ ધારાધોરણોમાં અવકાશ ન હતો. માની લઈએ કે આવા વિશાળ કાર્યમાં આવી 'રિજિડિટી' અનિવાર્ય હોય પણ જ્યારે વ્યક્તિગત માવજત માગી લેતા પ્રશ્નો સામે આવે ત્યારે મને ભારે મૂંઝવણ થતી.

શરૂઆતમાં તો મારા શિરે આવેલી જવાબદારીનો બોજ મને અસહ્ય લાગતો, પરંતુ ધીમે ધીમે જરૂર ઊભી થતાં હૈયાસૂઝથી નિર્ણયો લેવા હું ટેવાવા લાગી. આ કામ માટે કોઈ ચાલ કે કેડી પડેલાં ન હતાં એટલે આ અંગે બીજા કોઈની ટીકા-ટિપ્પણી થતી ન હતી. માત્ર મારે જ થયેલા નિર્ણયોની તુલના કરી તેમાં ફેરફારો કરવાના રહેતા. મુશ્કેલ લાગતા પ્રશ્નોના ઉકેલ ઘણી વખત સુષુપ્ત મનમાંથી આપોઆપ સ્ફુરતા.

બહેનો અને બાળકો આવવાં લાગ્યાં, તેમ લાહોરની અમારી છાવણીનું કામ વધતું ચાલ્યું. આવનારાઓમાં નાનાં બાળકોથી માંડીને 50 વર્ષની વય સુધીની પ્રૌઢ સ્ત્રીઓનો સમાવેશ થતો હતો. તેમના માટે રહેવા-જમવાની વ્યવસ્થા કરવી, કપડાં, પથારીઓ અને ઓઢવા-પાથરવાનાં ગોઠવવાં, બીમાર હોય તેમને માટે દવાદારૂ અને સારવારની ગોઠવણ કરવી – આ બધું અમારું નિત્યનું કામ બનવા લાગ્યું. આવનારાઓ પાસેથી તેમના સંબંધીઓથી કેવી રીતે અને ક્યાંથી છૂટા પડ્યાં, છાવણી સુધી કેવી રીતે આવ્યાં વગેરે હકીકતો મેળવવાનું મુશ્કેલ હતું. મોટા ભાગની સ્ત્રીઓ અજ્ઞાન હતી. આથી તેમની પાસેથી કડીબદ્ધ હકીકતો મેળવવી લગભગ અશક્ય હતી. પોતાનાથી કંઈક ખોટું થઈ ગયું હતું, એ ભાવના તેમના મનમાં ઘર કરી બેઠી હતી. જે બની ગયું હતું તેમાં પોતાનો કોઈ જ વાંક ન હતો એવી અમને ખાતરી કરાવવા તે પ્રયત્ન કરતી. તેમની પાસેથી સત્ય હકીકતો ન મળે ત્યાં સુધી તેમનાં સગાં-સંબંધીઓની શોધ કરવાનું પણ શક્ય ન

હતું. આ બાબત તેમને સમજાવતાં અમને ઠીક ઠીક સમય લાગી જતો. અમે તેમને સલામત રીતે તેમનાં સગાં-સંબંધીઓને શોધી કાઢી તેમને જ સોંપવાનું કામ કરી રહ્યાં હતાં તે વાત પર તેમને વિશ્વાસ બેસતો જ ન હતો, એટલું જ નહીં પરંતુ અમારી પાસે આવી ગયા પછી અમે તેમને વળી બીજી કેવા પ્રકારની યાતનાઓમાં ધકેલી દઈશું તેવી બીક તેમનામાં ઘર કરી બેઠી હતી. પુરુષોએ તેમની ઉપર જે રાક્ષસી અત્યાચારો ગુજાર્યા હતા તેનો અનુભવ પામ્યાના પરિણામે માણસાઈ પરનો વિશ્વાસ અને ઈશ્વર પરની આસ્થા ડગી જાય તે સ્વાભાવિક હતું. આ બધું જોઈ-સાંભળી મારી દાદીમાને રામાયણ અને મહાભારત વાંચી સંભળાવતી ત્યારે તેમાં વર્ણવેલા રાક્ષસોનાં પૈશાચિક કૃત્યોની યાદ મારી સામે તાજી થતી. પંજાબના બંને હિસ્સાઓમાં જે કાંઈ બન્યું હતું તેવા પ્રકારનું એ પુરાણા જમાનામાં બન્યું હશે અને તેનો આબેહૂબ ચિતાર આપવા તેમને રાક્ષસી કૃત્યો તરીકે વર્ણવવામાં આવ્યાં હશે તે પ્રમાણે મને લાગ્યું. રખેને કોઈ માની લે કે આ અમાનુષી કૃત્યોનો ભોગ બનતી વખતે તેનો કોઈ પણ સ્ત્રીએ સામનો કર્યો નહિ હોય, પંજાબની સ્ત્રીઓ હિંમતવાન અને તાકાતવાન છે. પોતાની જાત અને શિયળ માટે તેણે પૂરા બળથી અત્યાચાર કરનારાઓનો સામનો કર્યાના અને આમ કરતાં પોતાના જાન ખોવાના અનેક પ્રસંગો અમારા સાંભળવામાં આવ્યા હતા. પોતાના શિયળની રક્ષાર્થે સ્ત્રીઓએ કૂવા પૂર્યાના પણ દાખલા નોંધાયા છે. પંજાબની સરહદ પર આવેલા મિયાવાલી જિલ્લાની છાવણી માટે ગોઠવણ કરવા હું ગઈ ત્યારે તોફાનો દરમિયાન ઇસ્લામ સ્વીકારી ત્યાં જ રહેલા એક હિંદુ કરિયાણાવાળાએ મને એક કૂવો દેખાડ્યો હતો જે શિયળની રક્ષા કરવા તેમાં કૂદી પડેલી સ્ત્રીઓના શબથી ભરાઈ ગયો હતો. આ કૂવામાંથી આવતી દુર્ગંધના કારણે આજુબાજુના લોકો પોતાનાં ઘરબાર છોડી ચાલ્યાં ગયાં હતાં. આ કૂવાના પાણીનો ઉપયોગ ઘણા લાંબા સમય સુધી કરવામાં આવતો ન હતો.

તોફાનો દરમિયાન અપહરણ કરાયેલી સંખ્યાબંધ સ્ત્રીઓને અનેક વાર વેચી દેવામાં આવતી હતી. કેટલીકને તો વળી સંબંધીઓ અને મિત્રોને ભેટ તરીકે મોકલી આપવામાં આવતી હતી. ચાર-છના હાથમાંથી પસાર થયા પછી છેવટે આવી સ્ત્રીઓ પૈકી કેટલીક કોઈને ત્યાં સ્થિર થઈ જતી હતી, તો કેટલીક સાવ રસ્તા પર ફેંકાઈ જતી હતી. મુડદાની જેમ જીવતી આ સ્ત્રીઓને પુનઃપ્રાપ્તિની યોજના અન્વયે અમારી છાવણીમાં લાવવામાં આવતી હતી. પુનઃપ્રાપ્ત થઈને આવતી સ્ત્રીઓ પાસેથી કલ્પના પણ કરી ન શકાય તેવા તેમના પર ગુજરેલા અત્યાચારોની કથની સાંભળી અમારાં ભૂખ–ઊંઘ ઊડી જતાં.

ઉલ્લેખ કરવો ગમે નહિ એવા એક કિસ્સાનો ઉલ્લેખ કર્યા વિના પણ રહી શકતી નથી. શરૂના દિવસોમાં કારીગર વર્ગની મેલીઘેલી એક પ્રૌઢ અને એક જુવાન એમ બે સ્ત્રીઓને અમારી છાવણીમાં લાવવામાં આવી. લાહોરની છાવણીમાં લાવતાં માર્ગમાં જ ભારતીય માણસોએ તેમના પર બળાત્કાર કર્યાની હકીકત તેમના જ મોંએ સાંભળતાં અમે ડઘાઈ ગયાં. ભૂલેચૂકે આ વાત પાકિસ્તાનના સત્તાવાળાઓના કાને ન પહોંચે તેની અમે તકેદારી રાખી તેમ છતાં તે છાની રહેવા પામી નહીં. આ અંગે વિશેષ હોહા થાય

60 વીસમી સદીનું ગુજરાતી નારીલેખન

તે અગાઉ જ આમાં સંડોવાયેલાઓને ભારત મોકલી આપવામાં આવ્યા. જિલ્લામાંથી પુન:પ્રાપ્તિ થયેલી સ્ત્રીઓને લાહોર સુધી સલામત લાવવાની જડબેસલાક વ્યવસ્થા અંગે અમે વિચાર કરવા લાગ્યા. લાંબી ચર્ચા-વિચારણા અંતે નિર્ણય થયો કે સ્ત્રીઓને જિલ્લામાંથી લાહોર લાવતા બસમાં એક કાર્યકર્તા બહેનની હાજરી હોવી જ જોઈએ.

પુન:પ્રાપ્ત થયેલી સ્ત્રીઓ છાવણીમાં આવવી શરૂ થઈ હતી. પરંતુ તેમની સંખ્યા અપેક્ષા કરતાં ઘણી જ ઓછી હતી. જિલ્લાઓની છાવણીમાંથી કાર્યકર્તાઓ તરફથી ફરિયાદો મળતી:

પાકિસ્તાનની પોલીસ પ્રામાણિકપણે કામ કરતી નથી, ઠરાવેલા સમયે તે આવતી નથી, અને આવી પહોંચે ત્યારે બહાનું કાઢે કે, 'મોડું થઈ ગયું છે, સાંજ પડે તે અગાઉ પહોંચાશે નહીં.' અને આમ કહી, જવાનું બીજા દિવસ પર મુલતવી રાખે. દરમિયાન જે ગામમાં જવાનું ધાર્યું હોય તે ગામમાં બાતમી પહોંચી ગઈ હોય જેના પરિણામે ત્યાંથી હિંદુ સ્ત્રીઓને બીજે મોકલી આપવામાં આવતી હોય.

પુન:પ્રાપ્ત થઈ જિલ્લામાંથી આવેલી સ્ત્રીઓની સંખ્યા એક લૉરી ભરાય તેટલી થાય ત્યાં સુધી તેમને લાહોરની છાવણીમાં રાખવામાં આવતી હતી. આ દરમિયાન આ સ્ત્રીઓનાં નામ, ઉંમર, જે જિલ્લામાંથી તે મળી આવી હોય તથા તેનાં મૂળ વતન, ગામ વગેરેની યાદીઓ તૈયાર કરી, પાકિસ્તાનના સત્તાવાળાઓને મોકલી આપવામાં આવતી. યાદીઓની ચકાસણીમાં સહેજે આઠ-દસ દિવસ નીકળી જતા, જે ગાળાનો ઉપયોગ આ સ્ત્રીઓનો વિશ્વાસ મેળવી, તેમની પાસેથી શક્ય તેટલી સાચી હકીકતો મેળવવા માટે કરવામાં આવતો. આ સમય દરમિયાન આ બહેનો થોડી સ્વસ્થ થતી. પાકિસ્તાન સત્તાવાળાઓ પાસેથી તેમને ભારત મોકલવાની મંજૂરી મળે એટલે એક કાર્યકર્તા બહેન સાથે તેમને જલંધર મોકલવાની ગોઠવણ કરાતી.

પુન:પ્રાપ્ત થયેલી સ્ત્રીઓ સરહદ વટાવી જલંધરની કાયમી છાવણીમાં પહોંચી જાય ત્યાર બાદ તેમના અંગેની અમારી જવાબદારી પૂરી થતી એમ કહું તો ચાલે. જલંધર પહોંચેલી સ્ત્રીઓને પહેલાં તો જરૂરી વૈદકીય સારવાર આપવામાં આવતી. દરમિયાન તેમનાં સગાં-સંબંધીઓની તપાસ કરવામાં આવતી અને તેમને લેવા આવેલાઓ ખરેખર જ તેમનાં સગાં-સંબંધીઓ છે કે નહીં તેની ખાતરી કરી લીધા પછી મૅજિસ્ટ્રેટની હાજરીમાં આ બહેનોને તેમના સંબંધીઓને સોંપવામાં આવતી. જેનું કોઈ જ સંબંધી ન મળે તેના પુનર્વસવાટની જવાબદારી ભારત સરકારની રહેતી. આ પ્રમાણેની વિધિ પૂરી થતાં ઠીક ઠીક સમય પસાર થઈ જતો. આ દરમિયાન બાળકો માટે સમય પસાર કરવા, તેમના અભ્યાસ તથા રમતો અને સ્ત્રીઓ માટે સીવણ-ભરત જેવાં કામોની વ્યવસ્થા છાવણીમાં જ કરવામાં આવતી. આ છાવણીમાં સંચાલનની જવાબદારી મૃદુલાબહેને પંજાબમાં શ્રીમતી પ્રેમવતી થાપરને સોંપી હતી.

સરહદ વટાવતાં લશ્કર, પોલીસ અને કસ્ટમ ખાતાની ચકાસણી અંગેની વિધિમાંથી પસાર થવામાં સારો સરખો સમય નીકળી જતો હતો. ભારતની સરહદ વાઘા આગળ

અને પાકિસ્તાનની સરહદ અટારી આગળથી શરૂ થાય. બંને સરહદોની વચમાંની જમીન 'નોમેન્સ લૅંડ' તરીકે ઓળખાતી હતી.

સરહદ ઉપર તરેહતરેહની અફવાઓ ચાલ્યા કરતી હતી. ભારત તરફ જતી લૉરીને કોઈ કારણે પાકિસ્તાન તરફથી સરહદ પર રોકવામાં આવે કે આગળ જવા માટે અનુમતિ – ક્લિયરન્સ મેળવવામાં વિલંબ થાય તો આ અંગેના સમાચાર અતિશયોક્તિની સાથે ભારતની સરહદ પર પહોંચી જતા. ભારતીય અધિકારીઓ પણ આના વળતા પગલાં તરીકે આવા પ્રકારનો વિલંબ કરતા હતા. એ જ પ્રમાણે ભારત તરફની સરહદ પર જે કંઈ બને તેના પ્રત્યાઘાતો તરત જ પાકિસ્તાનની સરહદ પર પડતા અને તેનો બદલો અનેક રીતે ભારત તરફ જતાં વાહન-વહેવાર પર લેવામાં આવતો. બંને દેશોની સરહદો પર આવી રીતે હોંસાતોંસી ચાલ્યા કરતી.

એક વખતે પુનઃપ્રાપ્ત થયેલાં સ્ત્રી-બાળકો ભરેલી એક લૉરી જલંધર તરફ જતી હતી. તેની પાસે સરહદ વટાવવા માટે જરૂરી કાગળિયાં, પરવાના વગેરે હતું, છતાંય સરહદ પરની પાકિસ્તાનની પોલીસે તેને આગળ જતી અટકાવી અને આ માટેનું કારણ આપતાં જણાવ્યું: 'મુસલમાન સ્ત્રીઓની એક લૉરીને સરહદ પરની ભારતની પોલીસે સવારે અટકાવી હતી, આથી લાહોરથી આવતી સ્ત્રીઓની લૉરીને આગળ જવા દેવામાં આવશે નહિ.'

લગભગ સાંજના છ વાગ્યાના સુમારે લૉરી સાથે ગયેલા વળાવિયાનો આ બનાવ અંગેનો ફોન આવ્યો. અમારા કામની સરળતા માટે સંપર્ક માટે નિયુક્ત થયેલાં કુ. રાબિયા કારીને મેં ફોન કર્યો, પરંતુ તે સાંજના સિનેમા જોવા ગયાં હતાં. ભારતીય ડેપ્યુટી હાઈકમિશનરના કાર્યાલયના અધિકારીનો સંપર્ક સાધતાં આ મુશ્કેલી અંગે તેમના તરફથી કોઈ માર્ગદર્શન મળ્યું નહિ. મોટા ભાગના અધિકારીઓની ફરિયાદ હતી કે મૃદુલાબહેન પાકિસ્તાનના સત્તાવાળાઓ તરફ વધુ પડતી ઉદારતા બતાવતાં હતાં. આથી અનિવાર્ય ન બને ત્યાં સુધી 'તીરે ઊભી તમાશા જોવાની' તેમની મનોવૃત્તિ રહેતી. આખરે મેં પાકિસ્તાનના ઇન્સ્પેક્ટર જનરલ ઑફ પોલીસની કચેરીમાં પહોંચી જઈ વાઘા સરહદ પર પાકિસ્તાનની પોલીસ પર ફોન કરાવ્યો. છેક અંધારું થયા પછી લૉરી સરહદ વટાવી શકી.

અઠવાડિયામાં મારે એકાદ વાર અમૃતસર જતાં સરહદ વટાવવી પડતી. બંને દેશની સરહદો પાર કરવા માટેનો જરૂરી પાસ મારી પાસે હતો. બંને બાજુ પરના ફરજ પરના કર્મચારીઓ મને ઓળખી ગયા હતા. આમ છતાં મારે પણ અફવાઓનો એક વાર ભોગ બનવું પડ્યું હતું. એક ભારતીય અધિકારી સાંજના નીકળી અમૃતસર જવાના હતા અને બીજા દિવસે તે પાછા ફરવાના હતા. કાશ્મીરની લડાઈ પુરજોરથી ચાલતી હતી. યુદ્ધ મોરચે દૂરદૂરના પ્રદેશમાં બહાદુરીથી દુશ્મનનો સામનો કરતા જુવાનો માટે શસ્ત્રો અને આવશ્યક ચીજોનો પુરવઠો પહોંચાડવા માટે પેટ્રોલનો ધૂમ વપરાશ થતો હતો, આથી ભારત સરકારે વાહનો વાપરનાર પ્રજાને શક્ય તેટલો પેટ્રોલનો બચાવ કરવા ભારપૂર્વક

62 વીસમી સદીનું ગુજરાતી નારીલેખન

અપીલ કરી હતી, એ જ અરસામાં મારે અમૃતસર જવું હતું. પેટ્રોલની કરકસરની ભારત સરકારની અપીલને ખ્યાલમાં રાખી મારી ગાડી ન લેતાં એક ભારતીય અધિકારી જલંધર જતા હતા તેમની સાથે નીકળી અમૃતસર ઊતરી જવાની અને બીજે દિવસે જલંધરથી પાછા ફરતા તેઓ મને અમૃતસરથી તેમની સાથે લાહોર લઈ આવે એવી ગોઠવણ કરી. અમે બંને સાંજે પાંચેક વાગ્યે અમૃતસર જવા નીકળ્યાં. સરહદ પરના પાકિસ્તાનના લશ્કરી અધિકારીએ અમારી ગાડી રોકી. પેલા ભાઈની પાસે ડિપ્લોમેટિક પાસપૉર્ટ હતો, જ્યારે મારી પાસે માત્ર પરમિટ જ હતી. લશ્કરી અધિકારીએ પેલા ભાઈને જવા દેવાની અનુમતિ આપી, પણ તોછડાઈપૂર્વક મને સરહદ ઓળંગતી અટકાવી. મારી સ્થિતિ ઘણી કફોડી થઈ. પેલા ભાઈ મને અમૃતસર મૂકીને પછી જલંધરની એક સભામાં હાજર રહેવા જતા હતા. આથી તેઓ મને પાછા લાહોર મૂકવા આવી શકે તેમ ન હતું. અને સરહદ પર હું ઊતરી જાઉં તો મારે કેવી રીતે લાહોર પહોંચવું! સરકારી પેટ્રોલ બચાવવાની ભાવનાથી મારી ગાડી નહિ લાવવાનો નિર્ણય મને ભારે પડી ગયો. આમાં શું કરવું તેની મને સમજ ન પડે. દરમિયાન પાકિસ્તાનના કસ્ટમ ખાતામાં મને એક પરિચિત ચહેરો દેખાયો. મેં તેમને લાહોર ફોન કરવાની વિનંતી કરી. બે-ચાર ફોનના અંતે પુનર્વસવાટ ખાતાના મંત્રીના અંગત સચિવનો સંપર્ક સાધી શકાયો, અને તેમણે ફોન પર સૂચના આપી અને આખરે અમે સરહદ પાર કરી શક્યાં. મને અમૃતસર મૂકી પેલા ભાઈ જલંધર ગયા. બીજા દિવસે લાહોર જવા માટે સવારના સાત વાગ્યે તે આવી પહોંચ્યા. ભારતીય સરહદ પરના લશ્કરી ચોકિયાતે અમારી મોટર અટકાવતાં અમને જણાવ્યું:

> 'પાકિસ્તાનની સરહદ પર ગઈ કાલે એક ભારતીય સ્ત્રીને અટકાવવામાં આવી હતી. આથી કોઈ પણ સ્ત્રીને પાકિસ્તાન જવા માટે સરહદ પાર ન કરવા દેવાનો અમારા વડાએ અમને હુકમ કર્યો છે.'

પાકિસ્તાનના અધિકારીઓએ આગલા દિવસે જે સ્ત્રીને અટકાવી હતી તે સ્ત્રી હું જ હતી અને આ પ્રમાણે કોઈ ગેરસમજના કારણે બનવા પામ્યું હતું. તે પ્રમાણે આ લશ્કરી જવાનને સમજાવવાનો મારો પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો. સમય સવારનો હતો અને હું ભારતીય પ્રદેશમાં હતી એટલે આગલા દિવસ જેવો મારામાં કોઈ ગભરાટ ન હતો. મારા સાથીદારને મેં કહ્યું:

> 'મને અહીં જ ઉતારી પાડી તમે લાહોર જાઓ અને મારી ગાડીને અહીં મોકલી આપો. દરમિયાન આ વાત કેવી રીતે અને ક્યાંથી ઉપસ્થિતિ થઈ છે તેનો તાગ કાઢવાનો હું પ્રયત્ન કરી જોઈશ. આ વાતનો આજે નિકાલ નહિ આવે તો પુનઃપ્રાપ્ત થયેલી સ્ત્રીઓને ભારત મોકલવા મુશ્કેલીઓ ઊભી થશે. આથી આ વાતનો નિવેડો અત્યારે જ મેળવી લેવો જરૂરી છે.'

લશ્કરી જવાનોની વચમાં મને એકલી છોડીને જવાને મારા સાથીદારનું મન ન માને એ સ્વાભાવિક હતું. તેમણે મારી સાથે જ રોકાઈ જઈ જરૂરી તપાસ કરવામાં મને મદદ કરવાની તૈયારી બતાવી. ભારતીય સરહદ પરના લશ્કરી વડાની છાવણી શોધી અમે

તેમને મળવા ગયાં. અમારી મુશ્કેલી સાંભળી તેમણે જણાવ્યું કે સરહદ પાર કરતાં કોઈને પણ રોકવાનો તેમના તરફથી કોઈ હુકમ અપાયો ન હતો. મેં કહ્યું: 'આપે હુકમ કર્યો નહિ હોય તેમ છતાં મને ત્યાં અટકાવવામાં આવી હતી એ હકીકત છે.'

તેમણે અમારી સાથે આવી કોની સૂચનાથી એ બધું થઈ રહ્યું હતું, તે શોધી કાઢી મન ફાવે તેમ વર્તનારને શિક્ષા કરવાનો સધિયારો આપ્યો અને તે અમારી સાથે આવ્યા તો ખરા, પરંતુ તેમની તપાસનું પરિણામ જાણવા રોકાઈ, સમય બગાડવા મારી સાથે આવેલા અધિકારી તૈયાર ન હતા. એટલે કચવાતા મને મારે તેમની સાથે લાહોર જવું પડ્યું. આ અનુભવ પછી પેટ્રોલની કરકસર કરવાનો ખ્યાલ મેં છોડી દીધો.

સરહદ પાર કરતાં થયેલો આ અનુભવ પહેલો અને છેલ્લો હતો. શરૂમાં મારી ગાડીની તપાસ (સરહદ ઉપર) લેવામાં આવતી, પણ આ તપાસમાં ક્યારેય કશું વાંધાજનક મળ્યું ન હતું. અવારનવાર જવાઆવવાને કારણે ભારત–પાકિસ્તાનના બંને તરફનો અધિકારીગણ મને ઓળખતો થયો હતો અને બંને બાજુના અધિકારીઓનો વિશ્વાસ હું સંપાદન કરી શકી હતી. આ વિશ્વાસને હું સાચવતી હતી. જોકે આ માટે ઘણી વાર સાથી કાર્યકર્તાઓનાં મન દૂભવવા પડતાં હતાં.

વારંવાર જેમની સાથે મળવાનું થાય તેમની સાથે થોડેવત્તે અંશે ઇધર-ઉધરની વાતો પણ થાય. લાહોરનાં ઉર્દૂ અખબારોને આથી સારો સરખો ખોરાક મળી રહેતો. આમાનાં બે-ત્રણ ઉર્દૂ અખબારોએ પહેલા પાના પર મોટાં શીર્ષકો હેઠળ વિશેષ સમાચાર ચમકાવ્યા પણ હતા કે ભારતની કાર્યકર્તા બહેનો પાકિસ્તાનના સચિવાલયમાં જઈ ઊંચા દરજ્જાના અધિકારીઓની સાથે છૂટથી મળે છે અને પાકિસ્તાન સરકારની ગુપ્ત માહિતી મેળવવાના પ્રયત્ન કરે છે.

મને ઉર્દૂ વાંચતાં આવડતું ન હતું, આથી આવા પ્રકારના સમાચારોથી હું અજાણ હતી. એક બપોરના ભારતીય ડેપ્યુટી હાઈ કમિશનરના કાર્યાલયમાં ગઈ ત્યારે બધા અધિકારીઓએ ભેગા મળી મારી મજાક કરવી શરૂ કરી. એક અધિકારી એટલે સુધી બોલ્યા કે, 'જાસૂસીનું કામ કર્યા વિના જ પાકિસ્તાનનાં અખબારોએ તમને આવું કામ કરવાનો યશ આપ્યો છે! ત્યારે થોડુંઘણું આવા પ્રકારનું કામ શરૂ કરો ને!' મજાકમાં જવાબ આપતાં મેં કહ્યું, 'તમારી સૂચનાનો જરા સરખો પણ અમલ કરવા જાઉં તો બીજા જ દિવસે સવારે દિલ્હી ભેગા થઈ જવું પડે.' ભારતમાંથી આવતી પ્રત્યેક કાર્યકર્તા બહેનને અને તેમાં પણ ખાસ રીતે મને મૃદુલાબહેનની કડક સૂચના હતી કે પુનઃપ્રાપ્તિના કામ સિવાય અન્ય કોઈ કામમાં સહેજ પણ રસ લેવો નહિ.

પાકિસ્તાન સરકારની કચેરીઓમાં આંટા-ફેરા મારતાં મને કંટાળો આવતો હતો પરંતુ છાવણીઓ માટેનાં સ્થાનોની પસંદગી, છાવણીઓ માટે જરૂરી રૅશનની ગોઠવણ, આ સ્થાનોના રક્ષણ અને સલામતી, તથા જિલ્લાની છાવણીઓમાં પુનઃપ્રાપ્ત થઈને આવેલી સ્ત્રીઓએ લાહોર સુધી લાવવા માટેની વાહનની વ્યવસ્થા જેવાં કામોની ગોઠવણ તેમની પાસેથી જ કરવાની રહેતી. એટલે તેમની પાસે જવાનું ટાળવું શક્ય ન હતું.

ડિસેમ્બર આખરમાં બંને દેશોની સરકારની સચિવકક્ષાની એક બેઠક લાહોરમાં ગોઠવવામાં આવી. ભારતમાંથી અમારા ખાતાના સચિવ અને તેમનો રસાલો આવી પહોંચ્યો. આ બેઠકમાં આપણે કેવા પ્રકારનું વલણ અપનાવવું તેની આપસમાં ચર્ચાવિચારણા કરવા આપણા અધિકારીઓ અનૌપચારિક રીતે ભેગા મળ્યા, જેમાં મૃદુલાબહેનની સાથે હું પણ ગઈ. આ વખતે થયેલી ચર્ચા દરમિયાન, મારે કરવાના કામનો મને કંઈક ખ્યાલ આવ્યો. બીજા દિવસે પાકિસ્તાનના પ્રતિનિધિઓ સાથેની બેઠકમાં પણ મારે જવાનું થયું. બે સરકારના પ્રતિનિધિઓની મળતી સભાના દમામ અને દબદબાનો આ પ્રસંગે મને પહેલી જ વાર અનુભવ થયો. બંને પક્ષો તરફથી પરસ્પરની સામે આક્ષેપો કરવાથી શરૂઆત થઈ. રાજદ્વારી ઔપચારિકતા અને મુત્સદ્દીગીરીની આંટીઘૂંટીથી સાવ અજાણ એવી મને લાગ્યું કે વાટાઘાટો આગળ ચાલ્યા વિના જ ભાંગી પડશે અને પુન:પ્રાપ્તિ અંગે બંને દેશો વચ્ચે થયેલા કરારનો અમલ થશે જ નહિ. બપોરના ભોજનના સમય સુધી આ પ્રમાણે જ ચાલ્યું. ભોજન બાદ બંને પક્ષોએ કંઈક નિર્ણયો લેવા શરૂ કર્યા. આ દરમિયાન રજૂ થતી બાબતોના પ્રત્યેક શબ્દની સામે સામો પક્ષ વાંધો ઉઠાવે તેમ છતાં કામની શરૂઆત કેમ કરવી તેની આછીપાતળી રૂપરેખા નક્કી થઈ. આ પછી તો આવી ઘણી તોફાની બેઠકોમાં હાજર રહેવાના અને તેની ચર્ચાઓમાં ભાગ લેવાના પ્રસંગો આવ્યા. આ પછી તો રાજ્યકક્ષાની (બંને પંજાબ રાજ્યોની) અને ભારત-પાક પ્રધાનોની સભામાં હાજર રહેવાનું થતું. ધીમે ધીમે આવી ગરમાગરમ ચર્ચાઓ કોઠે પડતી ગઈ.

જાન્યુઆરી 1948ની શરૂમાં બંને દેશોની પ્રધાનકક્ષાની સભા મળી. એમાં કેટલાક વ્યવહારુ નિર્ણયો લેવાયા અને પુન:પ્રાપ્તિનું કામ ગતિ પકડશે એવી આશા બંધાઈ. ફેબ્રુઆરીની શરૂમાં 'પુન:પ્રાપ્તિ સપ્તાહ' મનાવવાનો નિર્ણય ઉપરની જ બેઠકમાં લેવાયો અને એની રૂપરેખા નક્કી કરવા બંને દેશોની સંયુક્ત સમિતિ નિમાઈ. આ સભાની સફળતાનો યશ, મારા મત મુજબ શ્રી ગોપાલાસ્વામી આયંગરને ફાળે જતો હતો. શ્રી ગોપાલાસ્વામી આયંગર એ સમયે પુન:પ્રાપ્તિ તંત્રના પ્રધાન હતા. તેમની સજ્જનતા અને કાર્યદક્ષતાની ઝાંખી મને આ સભામાં થઈ. પાકિસ્તાન અધિકારીઓના વજૂદ વગરના આક્ષેપોથી ન ઉશ્કેરાતાં શ્રી ગોપાલાસ્વામી ચર્ચાનું વહેણ યોગ્ય દિશામાં વાળતા રહેતા, અને એમની દલીલો સાથે પાક-પ્રધાન સંમત ન થાય ત્યાં સુધી ધીરજથી સૌમ્ય ભાષામાં દલીલો ચાલુ રાખતા.

પુન:પ્રાપ્તિ તંત્રનું સંચાલન શરૂમાં મધ્યસ્થ સરકારના પુનર્વસવાટ (રિલીફ એન્ડ રિહૅબિલિટેશન) ખાતા મારફત થતું. આ ખાતા પાસે તાત્કાલિક રાહત માગતા ઘણા જટિલ પ્રશ્નો ઊઠતા. એના ઉકેલની મથામણમાં જ લાગતાવળગતા અધિકારીઓ રોકાયેલા રહેતા. આથી પુન:પ્રાપ્તિના કામ અંગેના નિર્ણયોમાં વિલંબ થતો. પુન:પ્રાપ્તિ માટેના પ્રશ્નો પણ તાત્કાલિક નિર્ણયો માગી લેતા પ્રશ્નો હતા. વળી આ પ્રશ્નો મોટે ભાગે પાકિસ્તાન સાથે ગૂંચવાયેલા હતા એટલે પુન:પ્રાપ્તિનું તંત્ર વિદેશખાતા (મિનિસ્ટ્રી ઑફ એક્સ્ટર્નલ

અફેર)નાં સચાલન નીચે રાખવાનું મૃદુલાબહેનનું સૂચન પંડિત જવાહરલાલ નહેરુએ યોગ્ય માન્યું. પંડિતજી વિદેશખાતાના પ્રધાન હતા. પણ અનેક કામનો બોજો અને વિદેશપ્રવાસના કારણે તાત્કાલિક નિર્ણયો લેવામાં વિલંબ ન થાય એ હેતુથી તંત્રના પ્રધાન તરીકેની જવાબદારી શ્રી ગોપાલાસ્વામી આયંગરને સોંપાઈ. શ્રી ગોપાલાસ્વામી એ વખતે ખાતા વિનાના પ્રધાન (મિસ્ટર વિધાઉટ પૉર્ટફોલિયો) હતા. પુનર્વસવાટ ખાતામાં તુરંતમાં જ શરૂ કરાયેલા સ્ત્રી વિભાગ (વિમેન સેક્શન)નાં સૂત્રધાર શ્રીમતી રામેશ્વરી નહેરુ હતાં. સ્ત્રી વિભાગમાં કામનું દબાણ તો હતું જ એટલે પુન:પ્રાપ્તિ તંત્રના બોજામાંથી તેમને મુક્ત કરવામાં આવ્યા અને તંત્રના સંચાલનની બધી જ જવાબદારી મૃદુલાબહેનના શક્તિશાળી કાંધા ઉપર આવી.

પુન:પ્રાપ્તિના તંત્રના સૂત્રધાર (ડિરેક્ટર) વિદેશખાતાના જોડિયા મંત્રી (જોઇન્ટ સેક્રેટરી) શ્રી વાય.ડી. ગણદેવિયા હતા. શિરસ્તા મુજબ ત્રણેક અધિકારીઓના અંતરાયને વટાવ્યા પછી જ મારી કક્ષાના કાર્યકર્તાઓ શ્રી ગણદેવિયાને મળી શકે. પુન:પ્રાપ્તિના કામમાં આવો વિલંબ પોસાય નહિ. એટલે પુન:પ્રાપ્તિના દિલ્હીના મધ્યસ્થ દફ્તરની જવાબદારી સંભાળતા મારા સાથી સ્વ. માધવી નારાયણ અને હું સીધાં જ મળી શકીએ એવી વ્યવસ્થા કરાઈ. શ્રી ગણદેવિયા અંગ્રેજોના સમયના આઈ.સી.એસ. હતા અને તેમણે લાંબો સમય બર્મામાં જવાબદારીભરી કામગીરી બજાવેલી. સ્વભાવે સરળ અને આનંદી હતા. સરકારી અધિકારીઓમાં ભાગ્યે જ જોવા મળતી ધ્યેયનિષ્ઠા તેમનામાં ભારોભાર હતી.

પુન:પ્રાપ્તિ તંત્ર સમેટતાં સુધી વિદેશ વિભાગમાં જ રહ્યું. જોકે તેના પ્રધાનો બદલાતા રહ્યા. શ્રી ગોપાલાસ્વામી પછી સરદાર સ્વર્ણસિંઘ આ જવાબદારી સંભાળતા અને થોડોક સમય પંડિત જવાહરલાલ નહેરુએ સ્વયં આ જવાબદારી સંભાળી હતી.

'મૂળ સોતાં ઉખડેલાં' (1977, 1985)





www.indiaofthepast.com